**સ્પે.દિ.મુ.નં.૮૮/૧૪**

## –:: આંક–પ લગત હુકમ ::–

(૧) આ કામના વાદીએ હાલની મનાઈ અરજી લાવી એવી દાદ માંગેલ છે કે દાવાવાળી જમીનો અંગે આ કામના પ્રતિવાદી કે તેમના માણસો નોકર, ચાકર, એજન્ટો વાદીને કે તેઓના નોકર, ચાકર, એજન્ટોને વાદગ્રસ્ત મીલકતમાં ખેતીના સાધનો હળ, બળદગાડું વિગેરે સાથે ખેતી કરવા જતા આવતા અટકાવે નહી અને ખેતીનો પાક લેતા પણ અટકાવે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ તેમજ પ્રતિવાદી દાવાના આખરી નિકાલ સુધી વાદગ્રસ્ત જમીનો કોઈને કોઈ પ્રકારે વેચાણ, બક્ષીસ, ગીરો કરે કરાવે નહી તેવા કામચલાઉ મનાઈ હુકમની વાદીએ હાલની અરજી લાવી માંગણી કરેલ છે.

(૨) અરજીની હકીકતો વંચાણે લીધી. આ ઉપરાંત આ કામના પ્રતિવાદીએ દાવા તથા મનાઈ અરજીનો જે સંયુકત જવાબ આંક–૧૬ થી રજુ કરેલ છે તે વંચાણે લીધો તથા પ્રતિવાદીઓએ ઉભી કરેલ તકરારો વિચારણામાં લીધી.

(૩) આ કામના વાદીએ તેઓની અરજીના સમર્થનમાં આંક–૨૭ થી લેખીત દલીલ રજુ કરેલ છે અને પ્રતિવાદીઓએ પણ આંક–૩૧ થી લેખીત દલીલ રજુ કરેલ છે. આ કામના વાદીએ લેખીત દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે સવાલવાળા વેચાણ કરાર માટે રૂા.૧૦૦/– નો સ્ટેમ્પ પેપર મૈયત પટેલ છોટુભાઈ બુધાભાઈનાઓ જાતે તા.૧૫/૫/૨૦૦૭ ના રોજ ખરીદી લાવેલ. આ ઉપરાંત નોટીસ આપવા છતાં પ્રતિવાદીઓએ વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી અને અન્ય વ્યકિતઓને જમીન વેચી નાખવા ધમકી આપે છે. આ ઉપરાંત વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ નીશાની–૩/૧ તથા ૩/૧૩ પરત્વે ધ્યાન દોરેલ છે તથા નીશાની–૨૮/૧ થી ૨૮/૯ સુધીના દસ્તાવેજો પરત્વે ધ્યાન દોરી એવી રજુઆત કરેલ છે કે સવાલવાળી જમીનો માટે ગુજરનાર પટેલ છોટુભાઈ બુધાભાઈનાઓએ વેચાણ કરાર તથા પાવર ઓફ એટર્ની કરી આપેલ અને ત્યારબાદ વારંવાર કહેવડાવવા છતાં ગુજરનારે વેચાણ દસ્તાવેજ કરી આપેલ નહી. આ ઉપરાંત વાદી ધ્વારા એવી રજુઆત કરાયેલ છે કે આ કામના વાદીએ રૂા.૧૨ લાખ જેવી માતબર રકમ બાનાખત પેટે ચુકવી આપેલ હોય ત્યારે

વાદીને જો વચગાળાના મનાઈ હુકમથી રક્ષણ આપવામાં ન આવે તો વાદીને નાણાંમાં ન આંકી શકાય તેવુ નુકશાન જાય તેમ છે અને સગવડતા અગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં છે. આ સંજોગોમાં માંગણી મુજબ મનાઈ હુકમ આપવા રજુઆત કરેલ છે.

(૪) પ્રતિવાદીએ આંક–૩૧ થી લેખીત દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે દાવાવાળી જમીનો હાલમાં પણ પ્રતિવાદીઓના કબજામાં આવેલ છે અને વાદી ઘ્વારા રજુ કરાયેલ વેચાણ કરારમાં માત્ર ટાઈપથી બ્લોક નં.૯૧૦ વાળી જમીનનો ઉલ્લેખ છે. જયારે બીજા સર્વે નંબરો વાદીએ હાથી લખી નાખેલ છે. આ ઉપરાંત રૂા.૧૨ લાખ ચુકવેલા તેનો પણ કોઈ આધાર પુરાવો વાદીએ રજુ કરેલ નથી. આ ઉપરાંત સવાલવાળો બાનાખત રજીસ્ટર્ડ ન હોય રજીસ્ટ્રેશન એકટની જોગવાઈઓથી વિસંગત હોય વાદીને કોઈ મનાઈ હુકમ આપી શકાય નહી અને અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૫) આ કામે બન્ને પક્ષોની રજુઆતો ઘ્યાને લીધી તથા પક્ષ નિવેદનો અને રજુ થયેલ દસ્તાવેજો ઘ્યાને લેતાં હાલની અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## –:: મુદ્દા ::–

**૧.** શુ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

**૨.** શુ સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફણેમાં છે ?

**૩.** શુ આ તબકકે મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણાંમાં આંકી ન શકાય તેવુ નુકશાન જાય તેમ છે ?

**૪.** શુ હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ નકારમાં

મુદ્દા નં.૩ નકારમાં

મુદ્દા નં.૪ આખરી હુકમ મુજબ

Prin. Sr. Civil Judge &
Add. Chief Judi. Magi.
Kalol

## –:: કારણો ::–

**મુદ્દા નં.૧ થી ૩**

ઉપરોકત ત્રણેય મુદ્દાઓ પરસ્પર એકબીજા સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવાના આશયથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૭) આ કામના વાદીનો દાવો તથા ઉપસ્થિત કરેલ તકરાર જોવામાં આવે તો આ કામના વાદીએ હાલનો દાવો તેઓ જોગના બાનાખત તથા પાવર ઓફ એટર્ની અસ્તિત્વમાં હોય કરારના વિશિષ્ટ પાલન માટે હાલના વાદી દાવો લાવેલા છે. વાદીએ રજુ કરેલ દસ્તાવેજો પૈકી નીશાની–૩/૧ એ વેચાણ કરાર છે અને વેચાણ કરાર જોવામાં આવે તો તે નોટરી રુબરુ તા.૩૦/૬/૨૦૦૭ ના રોજ નોંધાયેલ દસ્તાવેજ જણાય છે. આ વેચાણ કરારના પાના નં.૪ ઉપર મીલકતનુ વર્ણન જોવામાં આવે તો તેમાં કોમ્પ્યુટર ટાઈપમાં માત્ર રાંચરડા ગામના બ્લોક નં.૯૧૦, ૦૦–૯૫–૧૩ નો ઉલ્લેખ કરાયેલ અને ત્યારબાદ તેમાં બ્લોક નં.૧૧૦૧, ૧૧૦૫ તથા ૧૫૨૩ હાથેથી ઉમેરવામાં આવેલ છે. આ ત્રણેય બ્લોક નંબરો તથા ક્ષેત્રફળ અને આકારની વિગતો હાથેથી લખાયા બાદ તેમાં કોઈ પક્ષકારોની સહી નથી અને વેચનારનુ આ ઉમેરામાં દેખીતી રીતે કોઈ સમર્થન નથી. આ સંજોગોમાં આ દસ્તાવેજ મુળભુત રીતે બિલકુલ ભરોસાપાત્ર રાખી શકાય તેવો દસ્તાવેજ નથી. વાદીએ સમગ્ર દાવા અરજીમાં આ સુધારા વધારા બાબતે એક શબ્દ જણાવેલ નથી અને તે બાબતે કોઈ વિશેષ હકીકત કે માહિતી કે સ્પષ્ટતા કરવી યોગ્ય ગણેલ નથી. આ સંદર્ભે વાદીનો દાવો જોવામાં આવે તો તેઓ ત્રણેય હાથેથી લખી લીધેલ સર્વે નંબરો માટે વાદી હાલનો દાવો લાવેલા છે. સર્વે નં.૯૧૦ માટે તેઓની હાલના દાવામાં કોઈ માંગણી નથી. આ સંજોગોમાં વાદીએ જે બાનાખત રજુ કરેલ છે તે બાનાખત દેખીતી રીતે બિલકુલ ભરોસાપાત્ર ગણી શકાય તેવો જણાતો નથી. વાદીની દાવામાં કરવામાં આવેલ માંગણી અને તેટલા સર્વે નંબરો જયારે બાનાખતમાં હાથેથી ઉમેરવામાં આવેલાની પરિસ્થિતીને કયાંયથી પણ કોઈ સમર્થન ન હોય ત્યારે આ તબકકે આ અદાલત તેવા કોઈ સર્વે નંબરો માટે દાદ આપવાનુ વિચારે તેમાં કયાંય પણ કોઈ ડહાપણ છુપાયેલ નથી. આ પ્રકારના સુધારાનુ આ અદાલત કોઈ કોગ્નીઝન્સ લઈ શકે નહી. આવા કોઈ સુધારા અસ્તિત્વમાં છે તેવુ પણ વિચારી શકાય નહી અને સાથે જયારે વાદીએ આવી પરિસ્થિતી બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ ન હોય ત્યારે વાદીનો મુળથી જ કોઈ

કેસ હોવાનુ ગણી શકાય નહી. આ ઉપરાંત વાદીએ રૂા.૧૨ લાખ જેવી માતબર રકમ ચુકવી આપેલ હોય તો તે ચુકવી આપેલાની કોઈ વિશેષ હકીકતો કે માહિતી વાદીએ રજુ કરવી યોગ્ય ગણેલ નથી. આ ઉપરાંત વાદી પાસે દાવાવાળી જમીનોનો કબજો હોવા અંગે પણ કોઈ આધારભુત પુરાવાઓ વાદીએ રજુ કરેલ નથી ત્યારે આવી બિન ભરોસાપાત્ર વિગતો સાથેના બાનાખત માટે વાદીને કોઈ જ દાદ ન આપવી તે વધારે ડહાપણ ભરેલુ છે. આ સંજોગોમાં વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય નહી, સગવડતા અગવડતાનુ પલ્લું પણ વાદીની તરફેણમાં હોવાનુ વિચારી શકાય નહી અને આ તબકકે મનાઈ હુકમ નહી આપવાથી વાદીને નાણાંમાં ન આંકી શકાય તેવુ નુકશાન જતુ હોવાનુ પણ વિચારી શકાય નહી. આ સંજોગોમાં મુદ્દા નં.૧, ૨, ૩ ને આથી નકારમાં નિર્ણિત કરવામાં આવે છે.

(૮) મુદ્દા નં.૧, ૨, ૩ નો જવાબ જયારે નકારમાં આપવામાં આવેલ છે અને આ ઉપરાંત દેખીતી રીતે વાદીનો જયારે કોઈ મુળભુત રીતે કેસ હોવાનુ જણાતુ નથી ત્યારે વચગાળાના મનાઈ હુકમ જેવી સમન્યાયી દાદ વાદીની તરફેણમાં મંજુર કરી શકાય તેવા કોઈ સંજોગો જણાતા ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

- વાદીની મનાઈ અરજી આથી રદ કરવામાં આવે છે.
- ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરસે.
- આ કામમાં આજ રોજ મુદ્દાઓ કાઢી નાખેલ હોય પક્ષકારોને કેસ તાત્કાલીક ચલાવવા માટે સંપુર્ણ સહકાર આપવા પણ હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૩૧ માહે માર્ચ, સને–૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. કલોલ.
તા.૩૧/૩/૨૦૧૬

(પરેશ મોહનલાલ સાયાણી)
જીજે૦૦૫૭૫
પ્રિન્સિ. સીની. સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી., કલોલ

ડીવીપી/કલોલ

Prin. Sr. Civil Judge &
Add. Chief Judi. Magi.
Kalol